# તેલંગાણાની રચનાને લઈને રૂપરેખા તૈયાર

નવી દિલ્હી,તા. ૨૮

તેલંગાણાને રાયલસીમાના બે જિલ્લાઓ આપવાની હિલચાલ ચાલી રહી છે. કરનુલ અને અનંતપુર જિલ્લા તેમાં સામેલ કરાય તેવી પ્રબળ સંભાવના છે. તેલંગાણાની રચનાની વિગતો હવે ઉભરી રહી છે. જે રૂપરેખા તૈયાર કરવામાં આવી છે તે મુજબ હૈદરાબાદને પાંચ વર્ષ સુધી કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે રાખવામાં આવશે. હૈદરાબાદ આંધ્રપ્રદેશ અને તેલંગાણાના સંયુક્ત પાટનગર તરીકે ગણવામાં આવશે. કેન્દ્ર શાસિત પ્રદેશનું વહીવટ લેફ્ટીનન્ટ ગવર્નર દ્વારા કરવામાં આવશે. તેલંગાણાના ગવર્નર આ પાંચ વર્ષમાં હૈદરાબાદના એક્સ ઓફીસ્યો લેફ્ટી ગવર્નર રહેશે. આ અંગેની દરખાસ્ત ૫મી ઓગસ્ટના દિવસે મળનારી કેન્દ્રીય બેઠકમાં રજુ કરાશે. આ કેબિનેટ કમિટિની મિટીંગ કોંગ્રેસ કારોબારી સમિતિ અને યુપીએ સ્થાયી જુથની બેઠક બાદ મળશે. તેલંગાણા અથવા રાયલ-તેલંગાણા રાજ્યની રચના અંગે કેબિનેટમાં અંતિમ નિર્ણય લેવાશે. આમાં તેલંગાણાના ૧૦ જિલ્લાઓને સામેલ કરાશે. હવે રાયલસીમાના વધુ બે જિલ્લાઓ સામેલ કરવાની દરખાસ્ત આવી છે. કોંગ્રેસના નેતાઓને આશા છે કે, એક સપ્તાહની અંદર સમગ્ર પ્રક્રિયા પૂરી કરી દેવાશે.

અલગ તેલંગાણા રાજ્યની રચનાને લઈને જોરદાર ઝુંબેશ ચાલી રહી છે. યુપીએ સરકાર તેલંગાની રચનાને લઈને ગુંચવણભરી સ્થિતિમાં છે. કારણ કે કેટલાક સાંસદો અને ધારાસભ્યો આંધ્રપ્રદેશના વિભાજનનો વિરોધ કરી રહ્યા છે જ્યારે તેલંગાણાના લોકો અલગ રાજ્યની માંગણી કરી રહ્યા છે. સૂચિત રાજ્યની રચનાને લઈને કોંગ્રેસની તકલીફ વધી ગઈ છે. કોંગ્રેસ કારોબારી સમીતિની બેઠક આગામી સપ્તાહમાં મળનાર છે. યુપીએ ભાગીદારો સાથે વાતચીત ૨૯મી અને ૩૦મી જુલાઈના દિવસે યોજાય તેવી શક્યતા છે. ત્યારબાદ તે જ દિવસે અથવા તો આગલા દિવસે કોંગ્રેસ કારોબારી સમીતિની બેઠક યોજાશે. સાથી પક્ષો સાથેની વાતચીતનો હેતુ એ છે કે કોઈપણ પ્રકારની ગૂંચવણ રાખવામાં ન આવે.



બિન તેલંગાણાના પ્રદેશના પક્ષના નેતાઓ આંધ્રપ્રદેશના વિભાજનનો જોરદાર વિરોધ કરી રહ્યા છે પરંતુ કોંગ્રેસ પાર્ટી અલગ તેલંગાણા રાજ્યની રચનાની યોજના બનાવી ચૂકી છે. તેલંગાણાના વિદ્યાર્થીઓ પણ વડાપ્રધાનના નિવાસ સ્થાનની બહાર દેખાવ કરી ચૂક્યા છે. તેલંગાણા તરફી અને વિરોધી લોકો મેદાનમાં આવી ગયા છે. ગઈકાલે પક્ષની ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી.એવાં પણ સંકેત મળી રહ્યા છે કે તેલંગાણાની રચનાનેલઈને તૈયારી કરી લેવામાં આવી છે. સૂચિત રાજ્યમાં રાયલ સીમાના બે જિલ્લાઓ આવરી લેવામાં આવશે. આ ઉપરાંત પાટનગરને લઈને પણ હિલચાલ ચાલી રહી છે. રાયલા-તેલંગાણા દરખાસ્તમાં કરનૂલ અને અનંતપુર જિલ્લાઓ સામેલ કરવામાં આવશે. તેલંગાણાને ૧૨ જિલ્લાનું રાજ્ય બનાવવામાં આવશે. તેલંગાણામાં મુસ્લીમોની વસ્તી બે ટકા વધી જશે. દલીતોની પણ વસ્તી વધશે. જો કરનૂલ અને અનંતપુર જિલ્લાઓ તેલંગાણાનો હિસ્સો બનશે તો આ બંનેની વસ્તીમાં વધારો થશે.

## ભારત-પાક વચ્ચે ટૂંકમાં મંત્રણા પ્રક્રિયા શરૂ કરાશે

નવી દિલ્હી,તા. ૨૮

ભારત અને પાકિસ્તાન વચ્ચે રચનાત્મક મંત્રણા પ્રક્રિયા ફરી એકવાર ઓગસ્ટ મહિનામાં શરૂ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. જળ સચિવ સ્તરની મંત્રણા માટેની પાકિસ્તાને તારીખ સૂચવવા માટેની તૈયારી કરી લીધી છે. આનો મતલબ એ થયો કે છેલ્લા ઘણા સમયથી અટવાઈ પડેલી બંને દેશો વચ્ચેની વાતચીતની પ્રક્રિયા ફરી એકવાર શરૂ થશે. વુલ્લર બેરેજ મુદ્દાને ઉકેલવાના પ્રયાસ કરવામાં આવશે. નવી દિલ્હી પાકિસ્તાન દ્વારા સૂચવવામાં આવેલી તારીખ ઉપર સક્રિય રીતે વિચારણામાં વ્યસ્ત છે. એવું પણ જાણવા મળ્યું છે કે પાકિસ્તાને વિદેશ સચિવ સ્તરની મંત્રણા માટેની તારીખ પણ સૂચવી છે. પરંતુ રાજદ્વારી સૂત્રોએ કહ્યું છે કે જળ અને સિરક્રીક મુદ્દાઓ ઉપર જ વાતચીત હાથ ધરવામાં આવનાર છે. પાકિસ્તાન સાથે મંત્રણા પ્રક્રિયા જાન્યુઆરી મહિનામાં ખોરવાઈ ગઈ હતી. કારણ કે પાકિસ્તાને યુદ્ધ વિરામનો ભંગ કર્યો હતો અને બે ભારતીય જવાનોને મારી નાંખ્યા હતા. જળ મંત્રણા જાન્યુઆરીમાં યોજાનાર હતી. પરંતુ યુદ્ધ વિરામના પરિણામ સ્વરૂપે મંત્રણા પ્રક્રિયા અટવાઈ પડી હતી. ભારતે મંત્રણા મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો હતો અને કહ્યું હતું કે જળ સંશાધન સ્તરની નવી તારીખ નક્કી કરવામાં આવશે. પાકિસ્તાનના વાણિજ્ય પ્રધાન મકદુમ ફાહિમે ભારતની તેમની યાત્રાને મોકૂફ કરી દીધાના દિવસો બાદ જ ભારતે જળસંશાધન સ્તરની મંત્રણાને મોકુફ કરવાની જાહેરાત કરી હતી. રાજદ્વારી સૂત્રોનું કહેવું છે કે પાકિસ્તાને ભારતને વાતચીત માટેની ઘણી બધી સૂચિત તારીખો મોકલી છે. સરકારી સ્તરની વાતચીત માટે આ તારીખો મોકલવામાં આવી છે જે પાકિસ્તાનમાં યોજાનાર છે. પાકિસ્તાન ઈચ્છે છે કે જળ મંત્રણા ઓગસ્ટના છેલ્લા સપ્તાહમાં યોજાય. જ્યારે સિરક્રીક મામલે મંત્રણા સપ્ટેમ્બરમાં યોજાય. પાકિસ્તાને વિદેશ સચિવ સ્તરની મંત્રણા ઓક્ટોબરમાં યોજવાનું સૂચન કર્યું છે. શાંતિ પ્રક્રિયાને મજબૂતી આપવા ભારતીય વડાપ્રધાન મનમોહનસિંહ પાકિસ્તાનની મુલાકાત લે તેવી ઈચ્છા પણ પાકિસ્તાને વ્યક્ત કરી છે. ભારત સરકારે કહ્યું છે કે ઈસ્લામા બાદ દ્વારા સૂચવવામાં આવેલી તારીખોના સંબંધમાં સાનુકૂળ જવાબ આપવામાં આવશે. ભારત પહેલાથી જ વડાપ્રધાન મનમોહનસિંહ અને તેમના પાકિસ્તાની સમકક્ષ નવાઝ શરીફ વચ્ચે વાતચીત યોજાય તેમ ઈચ્છે છે. નવાઝ શરીફના ખાસ સલાહકાર સરતાજ અઝીઝ વિદેશ પ્રધાન સલમાન ખુરશીદને મળવાની યોજના ધરાવે છે.

## દેશમાં ચાર વર્ષોમાં ૫૫૫ બનાવટી એન્કાઉન્ટર થયા

નવી દિલ્હી, તા.૨૮

સમગ્ર દેશમાં ચકચાર જગાવનાર ઈશરત જહાં અને સાદીક જમાલ બનાવટી એનકાઉન્ટર કેસના મામલામાં સીબીઆઈ દ્વારા ઉંડી તપાસ ચાલી રહી છે ત્યારે ઉત્તર પ્રદેશમાં ૧૩૮ સહિત ૨૦૦૯ અને ૨૦૧૩ વચ્ચેન ગાળામાં ૫૫૫ આવા બનાવટી એનકાઉન્ટર કેસ નોંધાઈ ચુક્યા છે. ઉત્તરપ્રદેશમાં બનાવટી એનકાઉન્ટર કેસનો આંકડો સૌથી વધારે છે. સરકાર દ્વારા આ મુજબની માહિતી વિધીવત રીતે આપવામાં આવી છે. ગૃહ મંત્રાલયના આંકડા દર્શાવે છે કે, પોલીસ, સંરક્ષણ અને અર્ધલશ્કરી દળ દ્વારા કુલ ૫૫૫ બનાવટી એનકાઉન્ટરના કેસો નોંધાઈ ચુક્યા છે. ૧લી એપ્રિલ ૨૦૦૯થી ૧૫મી એપ્રિલ ૨૦૧૩ વચ્ચેના ગાળામાં નેશનલ હ્યુમન રાઈટ કમિશન (એનએચઆરસી) દ્વારા આ તમામ આંકડા નોંધવામાં આવ્યા હતા.૫૫૫ બનાવટી એનકાઉન્ટર કેસો પૈકી ૧૪૪ કેસો ઉકેલવામાં આવ્યા છે. જ્યારે બાકીના ૪૧૧ કેસોમાં પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અથવા તો ટ્રાયલ માટે કોર્ટ સમક્ષ પહોંચી ચુક્યા છે. આ ઉપરાંત કેટલાક કેસો બીન ઉકેલાયેલા જાહેર કરાયા છે. ઉત્તરપ્રદેશ છેલ્લા ચાર વર્ષના ગાળામાં બનાવટી એનકાઉન્ટર કેસોની સંખ્યાના મામલામાં પ્રથમ સ્થાન પર છે. અહીં ૧૩૮ કેસો નોંધાયા છે. જે પૈકી ૨૦૦૯-૧૦માં ૩૦, ૨૦૧૦-૧૧માં ૪૦, ૨૦૧૧-૧૨માં ૪૨ અને ૨૦૧૩માં ફેબ્રુઆરી સુધી ૨૬ બનાવટી એનકાઉન્ટર કેસો નોંધાયા હતા. મણિપુરમાં આવા કેસોની સંખ્યા ૬૨, આસામમાં ૫૨, પશ્ચિમ બંગાળમાં ૩૫, ઝારખંડમાં ૩૦, છત્તીસગઢમાં ૨૯ કેસો છેલ્લા ચાર વર્ષના ગાળા દરમિયાન નોંધાયા છે. વણ ઉકેલાયેલા કેસોની સંખ્યા વધી ગઈ છે. અહેવાલ મેળવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ૨૦૦૪માં ઈશરત જહાં એનકાઉન્ટર કેસમાં હજુ પણ ઉંડી તપાસ ચાલી રહી છે. ત્રીજી જુલાઈના દિવસે સીબીઆઈ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

## બાટલા હાઉસ કેસમાં આજે સજા અંગેની જાહેરાત થશે

નવી દિલ્હી,તા. ૨૮

સમગ્ર દેશને હચમચાવી મૂકનાર વર્ષ ૨૦૦૮ના બાટલા હાઉસ એન્કાઉન્ટર કેસમાં અપરાધી જાહેર કરવામાં આવેલા ઈન્ડિયન મુજાહીદ્દીનના કુખ્યાત શખસ સહેઝાદ અહેમદને સજા અંગેની જાહેરાત દિલ્હી કોર્ટ આવતીકાલે કરશે. આને લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી છે. એડીશન સેશન કોર્ટ રાજેન્દ્રકુમાર શાસ્ત્રીએ આ કેસમાં સજા અંગેનો ચુકાદો આવતીકાલે આપશે. ૨૫મી જુલાઈના દિવસે કોર્ટે સહેઝાદને પોલીસ ઓફિસરને મોતને ઘાટ ઉતારી દેવામાં સહેઝાદને અપરાધી ઠેરવ્યો હતો.

દિલ્હી કોર્ટે ૨૫મી જુલાઈના દિવસે એક માત્ર શકમંદ ઈન્ડિયન મુજાહિદ્દીનના શખ્સ શહેજાદ અહેમદને અપરાધી ઠેરવ્યો હતો. આ ઉપરાંત દિલ્હી કોર્ટે જણાવ્યું હતુ કે બાટલા હાઉસ એન્કાઉન્ટર બિલકુલ પ્રમાણિક હતુ. એડિશનલ સેશન્સ જજ રાજેન્દ્રકુમાર શાસ્ત્રીએ પ્રોશિક્યુશન અને ડિફેન્સ દ્વારા કરવામાં આવેલી અંતિમ દલીલો પર સુનાવણી પૂર્ણ કરી દીધા બાદ અગાઉ ૨૦મી જુલાઈના દિવસે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. ત્યારબાદ ૨૫મી જુલાઈના દિવસે બાટલા હાઉસ એન્કાઉન્ટર કેસમાં એડીશનલ સેશન જજે સહેઝાદને અપરાધી ઠેરવ્યો હતો. બાટલા હાઉસ બનાવમાં દિલ્હી પોલીસના ઈન્સપેક્ટર મોહનચંદ શર્માનું મોત થયુ હતુ. હત્યા, હત્યાના પ્રયાસ અને તેમની ફરજ બજાવી રહેલા ઓફિસરને મુશ્કેલીમાં મુકવના મામલામાં સહેઝાદને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ટ્રાયલ દરમિયાન પ્રોશિક્યુશને છ નજરે જોનાર સાક્ષીઓ સહિત ૭૦ સાક્ષીઓની ચકાસણી કરી હતી જે દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલની રેડ પાડતી ટીમના ભાગરૂપે હતા. અંતિમ દલીલોમાં પ્રોશિક્યુશને એવી રજુઆત કરી હતી કે શહેજાદ બાટલા હાઉસમાં જામિયાનગર ફ્લેટમાં હાજર હતો તે અંગેના પુરતા સંજોગના પુરાવા અને ફોન રેકોર્ડ છે. એન્કાઉન્ટર દરમિયાન દિલ્હી પોલીસના ઈન્સપેક્ટર એમસી શર્માનું મોત થયુ હતુ. અન્ય આરોપી જુનેદની સાથે શહેજાદ બાલ્કનીમાંથી કૂદકો મારીને ફરાર થઈ ગયો હતો. ૧૯મી સપ્ટેમ્બર ૨૦૦૮ના દિવસે બાટલા હાઉસ એન્કાઉન્ટર દરમિયાન પોલીસ ટીમ પર ગોળીબાર બાદ આ બંને શખ્સો ફરાર થયા હતા. ૧૯મી સપ્ટેમ્બર ૨૦૦૮ના દિવસે સ્પેશિયલ સેલના અધિકારીઓ અને ઈન્ડિયન મુજાહિદ્દીનના આંતકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. ઈન્ડિયન મુજાહિદ્દીનના આ આતંકવાદીઓ ૧૩મી સપ્ટેમ્બર ૨૦૦૮ના દિવસે થયેલા સિરિયલ બ્લાસ્ટમાં આરોપી હતા.

## ભાજપ સરકાર બનશે તો અયોધ્યામાં મંદિર બનશે

લખનૌ, તા.૨૮

ભાજપના પ્રદેશ અધ્યક્ષ લક્ષ્મીકાંત વાજપેયીએ આજે કહ્યું હતું કે, જો ૨૦૧૪ની ચુંટણીમાં ભાજપને સંપૂર્ણ બહુમતી મળશે તો જે રીતે ડોક્ટર રાજેન્દ્ર પ્રસાદના સમયમાં બંધારણમાં સુધારા કરીને સોમનાથ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું તેવી જ રીતે ભાજપ પણ રામમંદિરનું નિર્માણ કરશે. વાજપેયીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ગઠબંધન ધર્મની મજબુરીઓ અને પુર્ણ બહુમતી ન મળવાના કારણે આજ સુધી રામમંદિરનું નિર્માણ થઈ શક્યું નથી. વાજપેયીએ એક મુલાકાત દરમિયાન ઘણા બધા મુદ્દાઓ ઉપર વિસ્તાર પૂર્વક વાત કરી હતીક્ આ વાતચીત દરમિયાન વાજપેયીએ ઘણા મુદ્દા પર પોતાના મત રજુ કર્યા હતા. વાજપેયીએ એમપણ કહ્યું હતું કે, રામમંદિર આસ્થાનો વિષય છે. મંદિર આંદોલનની શરૂઆત વિશ્વ હિંદુ પરિષદ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ પક્ષ દ્વારા એવો નારો પણ આપવામાં આવ્યો હતો કે, મંદિર એજ જગ્યા પર બનાવવામાં આવશે. હિંદુ સમાજના પરિણામ સ્વરૂપે આ સ્થાન ખાલી થઈ શક્યુ છે. રાષ્ટ્રવાદના મુદ્દા ઉપર વાજપેયીએ કહ્યું હતું કે, હિંદુત્ત્વ રાષ્ટ્રવાદ છે. રાષ્ટ્રવાદ જ હિંદુત્વ છે. ભારતમાતાના દુઃખમાં દુઃખી અને સુખમાં સુખી થનાર દરેક વ્યક્તિ અને ધર્મના લોકો રાષ્ટ્રવાદી છે.

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

મનુષ્યને આપણે પૃથ્વી પરનું સર્વશ્રેષ્ઠ સર્જન માનીએ છીએ. તો પછી એણે સર્જેલી દુનિયા પણ સર્વાંગ સુંદર હોવી જોઇએ. એની જગ્યાએ આજે દુનિયામાં યુદ્ધ અશાંતિ અને હિંસાની જવાળાઓ ચારેબાજુ પ્રગટેલી જોવા મળે છે. માણસ જાતની એ ભવ્ય સંસ્કૃતિમાં આવી વિકૃતિ શાને? આવો પ્રશ્ન થવો ખુબ જ સ્વાભાવિક છે અને એનો ઉત્તર પણ એટલો જ સરળ છે. માણસ અનેક વિરોધાભાસોનો બનેલો છે. દેવદૂત અને શૈતાન બંને એક સાથે એનામાં રહેલાં હોય છે. પૃથ્વી ઉપરની સૌથી મોટી અજાયબી છે માણસ! આ સંદર્ભમાં પ્રસિદ્ધ ચિંતક પાસ્કલે યથાર્થ જ કહ્યું છે. સાચે જ અનેક વિરોધાભાસોનો બનેલો છે માનવી! એને હાંસલ કરેલી સિદ્ધિઓ અપાર છે. અમીબાથી આદમ સુધીની વિકાસયાત્રા એ ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત છે, અને ત્યારથી લઇ એકવીસમી સદી સુધીનો માનવી સંસ્કૃતિનો ઇતિહાસ એના પતન અને ઉત્થાનની ભવ્ય ગાથા છે. માન્યામાં ન આવે એની અનેક આશ્ચર્યજનક ઘટનાઓને એણે સાકાર બતાવી છે, તેમ છતાં સમયની મર્યાદાઓની પર એ જઇ શકતો નથી. આ વિશ્વની ભવ્યતાનો એ શિરમોર પણ બની શકે તેમ છે અને એના સર્વનાશી પતનનું શરમજનક કારણ પણ તે બની શકે તેમ છે. આજે આખું વિશ્વ આ બે અતિની વચ્ચે આવીને ઊભું છે. "આગે કા ખેલ તો ઉપરવાલા હી જાને."

પૃથ્વીનું સર્વશ્રેષ્ઠ સર્જન ગણાતો મનુષ્ય ભલે એક નાનકડાં બિંદુ સમાન હોય, પરંતુ એ બિંદુની અંદર આખો સિંધુ સમાઇને બેઠો છે. એના મનની અનેક સર્જનાત્મક શક્તિઓનો કોઇ અંદાજ લગાવી શકાય તેમ નથી. બીજમાં રહેતાં વટવૃક્ષની જેમ આપણી આ ક્ષમતાઓ પડેલી છે. આપણી આ ક્ષમતાઓ તરફ હજુ સુધી આપણું કોઇ ધ્યાન ગયું નથી. તો ચાલો સાથે મળીને એનો આવિષ્કાર કરીએ! એક સાચુકલા નેકદિલ ઇન્સાન બનવા માટે 'સહવીર્ય કરવા વહૈ' સાથે મલીને પ્રયત્ન કરીએ.

## સ્પોટ ફિક્સિંગ મામલે શ્રીનિવાસન અને રાજ કુંદ્રાને ક્લીનચીટ મળી

નવી દિલ્હી,તા. ૨૮

સમગ્ર દેશને હચમચાવી મુકનાર આઈપીએલ સ્પોટ ફિક્સિંગ અને સટ્ટાના મામલે તપાસ કરી રહેલી બે સભ્યોની તપાસ ટીમે તેનો અહેવાલ આપી દીધો છે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડને સુપ્રત કરવામાં આવેલા તેના અહેવાલમાં બે સભ્યોની ટીમે એન. શ્રીનિવાસનને ક્લીન ચીટ આપી દીધી છે. આની સાથે જ તેમની બોર્ડના વડા તરીકે તરીકે વાપસીનો માર્ગ મોકળો થયો છે. આઈપીએલ સ્પોટ ફિક્સિંગ અને સટ્ટામાં તેમની ટીમ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે કોઈ પુરાવા હાથ લાગ્યા નથી તેમ જે સભ્યોની તપાસ ટીમે કબુલાત કરી છે. તપાસ રીપોર્ટ મુજબ શ્રીનિવાસનની કંપની ઈન્ડિયા સીમેન્ટ, રાજ કુન્દ્રા અને તેમની રાજસ્થાન રોયલ્સ ટીમના મેચ ફિક્સિંગ અને સ્પોટ ફિક્સિંગ સાથે કોઈ લેવા દેવા નથી. આ તમામને રાહત મળી ગઈ છે. તપાસ સમિતીએ શ્રીનિવાસનના જમાઈ ગુરૂનાથ મેયપ્પનને પણ ફિક્સિંગના આરોપોમાંથી રાહત આપી દીધી છે. અલબત્ત મેયપ્પન પર સટ્ટાબાજીના આક્ષેપો રહેશે. તપાસ સમિતીના રીપોર્ટમાં ક્લીન ચીટ મળ્યા બાદ શ્રીનિવાસનનીબોર્ડ



પ્રમુખ બનવાની આશા ફરી ઉજળી બની ગઈ છે. આ મુદ્દે કોઈ પણ નિર્ણય બીજી ઓગષ્ટના દિવસે યોજાનારી બીસીસીઆઈની કારોબારી સમિતિની બેઠકમાં લેવામાં આવશે.શ્રીનિવાસન, મેયપ્પન અને રાજ કુન્દ્રાને ક્લીન ચીટ મળી ગઈ છે. ભૂતપૂર્વ જજ ટી. જયરામ છોટા અને આર. બાલાસુબ્રમણ્યમની બનેલી બે સભ્યોની ટીમે તેનો અહેવાલ આજે બીસીસીઆઈની કારોબારી સમિતીને સોંપી દેવામાં આવ્યો હતો. આની સાથે જ હવે વાપસી કરવાનો તમિળનાડુના શક્તિશાળી વ્યક્તિનો માર્ગ મોકળો થયો છે. આ પેનલને શ્રીનિવાસનના જમાઈ ગુરૂનાથ મેયપ્પનની તપાસ કરવાની સત્તા પણ આપવામાં આવી હતી. મેયપ્પન, ચેન્નઈ સુપરકિંગ્સ, રાજસ્થાન રોયલ્સ અને તેના સહમાલિક રાજ કુંદ્રાની ભૂમિકામાં પણ તપાસ કરવા માટે આ પેનલને કહેવામાં આવ્યું હતું.

બીસીસીઆઈના ઉપપ્રમુખ નિરંજન શાહે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે, રાજ કુંદ્રા, ઈન્ડીયા સિમેન્ટ, રાજસ્થાન રોયલ્સ સામે જજ દ્વારા કોઈપણ પુરાવા હાથ લાગ્યા નથી. હવે આ અહેવાલ આઈપીએલ ગવર્નન્સ કાઉન્સીલને સોંપવામાં આવશે જે નવી દિલ્હીમાં બીજી ઓગસ્ટના દિવસે તેની બેઠકમાં અંતિમ નિર્ણય કરશે.પત્રકાર પરિષદને સંબોધતા બીસીસીઆઈના વચગાળાના પ્રમુખ જગમોહન દાલમિયાએ કહ્યું હતું કે, તપાસ અહેવાલ આઈપીએલ ગવર્નીંગ કાઉન્સીલને સોંપવામાં આવશે જે બોર્ડના ઓપરેશન નિયમની પ્રક્રિયા છે. આઈપીએલ ગવર્નીંગ કાઉન્સીલની બેઠક ૨જી ઓગસ્ટે યોજાશે જેમાં અંતિમ નિર્ણય લેવાશે. ઈન્ડીયા સીમેન્ટને પણ ક્લીનચીટ આપી દેવામાં આવી છે. જોકે આ સંબંધમાં કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. ૨જી ઓગસ્ટના દિવસે શ્રીનિવાસન પ્રમુખ તરીકેની જવાબદારી ફરી સંભાળી શકે છે. મેયપ્પનને ક્લીનચીટ આપવામાં આવી છે પરંતુ બેટીંગમાં તેને રાહત અપાઈ નથી. તપાસ પંચનો અહેવાલ આજે સવારનો મળ્યો હતો.

બીજી ઓગસ્ટના દિવસે મિટીંગનું નેતૃત્વ કોણ કરશે તે અંગે પુછવામાં આવતા આ સંબંધમાં દાલમિયાએ કહ્યું હતું કે, શ્રીનિવાસન શું વિચારે છે તે મુજબ આગળ વધવામાં આવશે.

### સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

'નાદબિંદુ ઉપનિષદ'માં આ ત્રણ માત્રાનું પણ વિભાજન કરવામાં આવ્યું છે. તે મુજબ દરેક માત્રા ચાર-ચાર કળાથી બને છે. ૐ કારની કુલ બાર કળાઓ મનાય છે. આ દરેક કળાની સાધના પણ અલગ તથા તેનું ફળ પણ અલગ છે. તેમ ઉપનિષદ નોંધે છે. પ્રશ્ન ઉપનિષદ માં એક પ્રશ્નના જવાબમાં મુનિ પિપ્પલાદ જણાવે છે કે ૐ એ પરબ્રહ્મ તથા અપર બ્રહ્મ છે. ૐનું જ્ઞાન આપનાર વિદ્યા યશ વિદ્યા છે. જે સાધક એક માત્રા વાળા ૐનું ધ્યાન ધરે છે. તે તેના માધ્યમથી જગતના તમામ ભૌતિક પદાર્થો પ્રાપ્ત કરી શકે છે. વિશ્વમાં તે મહિમાવાન બને છે. જે દ્વિમાસિક ૐની સમાધના કરે છે તે અંતરિક્ષમાં સોમલોકને પામે છે અને ત્યાં સુખ ભોગવે છે. ત્રિમાસિક ૐનું ધ્યાન ધરનાર સૂર્યલોકમાં જાય છે અને ત્યાં જ નિવાસ કરે છે.

માણ્ડુક્ય ઉપનિષદમાં ૐને અક્ષર અવિનાશી બ્રહ્મનું સ્થાન અપાયું છે તેનો મહિમા કરતાં તે આ સંસારનાં ત્રણ કાળથી પર છે તેમ કહ્યું છે ત્યાં બ્રહ્મ અને આત્માને પણ ૐ ના જ સ્વરૂપો કહ્યાં છે. ૐ કારની ત્રણ માત્રામાં અનિહિલ છે. માત્રાને તેના ચરણો પણ કહેવામાં આવ્યાં છે. જાગૃત અવસ્થામાં સ્થાનવાળો વૈશ્વાનર ૐનું પ્રથમ ચરણ છે. તેને જ્ઞાન વરિષ્ઠતા અપાવે છે. સ્વપ્નમાં તેજસ એ બીજું ચરણ છે. તેની ઉપાસનાથી જ્ઞાન પ્રાપ્તિ થાય છે. સુષુપ્તિમાં સ્થાનવાળો પ્રાસ એ ૐનું ત્રીજું ચરણ છે. તેની સાધના મોક્ષ અપાવે છે. આ ત્રણ માત્રા કહો. ત્રણ ચરણ કહો - ગમે તે કહો, સૌ જ્ઞાનમાર્ગ પર આગળ વધવાનાં પગલાં છે. ઉર્ધ્વ માર્ગ માટેનાં પગથિયાં પણ ગણી શકાય. તે આત્મયોગનો માર્ગ સૂચવે છે. પ્રથમ સામાન્ય વ્યક્તિ ૐના સંપર્કમાં આવતાં સાધનારત બને છે. ત્યારે તે જાગૃત અવસ્થામાં આવે છે તેની વિવેકદૃષ્ટિ ખુલે છે. સદ્ - અસદ્ વચ્ચે જે વિવેક કરે છે તે જાગૃત સ્થાનનો વૈશ્વાનર મનાય છે. જાગૃતિમાં આગળ વધતાં યોગની ધ્યાન અને ધારણાની કક્ષાએ આવતાં તે તેજસ્ - તત્ત્વને પામે છે, અને વારંવાર સતત ચિંતન - મનનથી તેની પ્રજ્ઞા ખીલે છે તેથી તે જ વ્યક્તિ પ્રાસ ગણાય છે. માત્રારહિત ૐ ક્રિયારહિત છે. તે નિર્ગુણ ઉપાસના માટે અગત્યનો મનાય છે. ૐનું સતત ઝડપી ઉચ્ચારણ ચિત્તને ઝંકૃત કરે છે અને તેનો પડઘો બાહ્ય જગતમાં પડે છે.

પ્રણવમંત્રને બીજ મંત્ર પણ કહે છે. કારણ તે તમામ મંત્રોના બીજરૂપે રહેલો છે. પ્રણવને આદિત્ય કહ્યો છે ને આદિત્ય દેવોનું મધ છે. તેમ ૐ પણ મધ - સમાન મિષ્ઠ તથા હિતકારક છે. ૐની ઉપાસના રિદ્ધિ-સિદ્ધિ તથા સંતોષ આપનારી છે. ૐને સાધન તરીકે સ્વીકારતા બ્રહ્મપ્રાપ્તિનો માર્ગ ખુલ્લો થાય છે. ૐ ને અનુમતિ - સૂચક પણ મનાય છે. ૐ સાથેનાં મંત્રના ઉચ્ચારણમાં પરમાત્માની પૂરતી અનુમતિ છે તેમ મનાય છે. આમ ૐ એ સનાતન હિન્દુ ધર્મનો પાયો તથા જ્ઞાનનું સર્વોચ્ચ શિખર પણ છે.

## શેરબજારના કારોબાર ઉપર આરબીઆઈ નીતીની અસર રહેશે

નવી દિલ્હી,તા. ૨૮

શેરબજારમાં આ સપ્તાહ દરમિયાન કેટલાક પરિબળોની સીધી અસર જોવા મળશે. જેમાં રીઝર્વ બેંક દ્વારા જારી કરવામાં આવનાર તેની નાણાંકીય નિતી સમીક્ષા અને આઈસીઆઈસીઆઈ બેંક તથા ભારતી એરટેલ જેવી બ્લુ ચીપ કંપનીઓ દ્વારા જારી કરવામાં આવનાર કોર્પોરેટ કમાણીના આંકડા પણ અસર કરશે.

આ બન્ને બાબતો પર તમામ કારોબારીઓની આ સપ્તાહ દરમિયાન નજર રહેશે. જાણકાર સુત્રોનુ કહેવુ છે કે મંગળવારના દિવસે આરબીઆઈ તેની પ્રથમ ત્રિમાસિક સમીક્ષા જારી કરનાર છે. મોટા ભાગે એમ માનવામાં આવે છે કે આરબીઆઈ પોલીસી રેટ અને સીઆરઆરમાં કોઈ ફેરફાર કરશે નહી. નિષ્ણાંતો માને છે કે બેંકો દ્વારા કેટલાક પગલાની માંગ કરવામાં આવી રહી છે. એડલવીસ રીસર્ચે કહ્યું છે કે આરબીઆઈ રેપો રેટ અને સીઆરઆરને જાળવી રાખશે. આરબીઆઈ હાલમાં લિક્વીડીટીની સ્થિતી પર નજર રાખી રહી છે. ડોલરની સામે રૂપિયામાં પડતીને રોકવા માટે ગયા સપ્તાહમાં આરબીઆઈ દ્વારા લિક્વિડીટીને વધારે મજબુત કરવા વધારાના પગલા લીધા હતા. રેલિગેર ઈન્સ્ટીટ્યુશનલ રીસર્ચ દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યું છે કે રેપો અને સીઆરઆરમાં હાલ કોઈ ફેરફાર કરાશે નહી. પોલીસીની સમીક્ષા પહેલા શેરબજરમાં રેંજ આધારિત કારોબાર રહેશે. આ સપ્તાહમાં એનટીપીસી, ડો. રેડ્ડી લેબ , આઈસીઆઈસીઆઈ અને ભારતી એરટેલ તેના કમાણીના આંકડા જારી કરનાર છે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

જયારે વિભાગ-૨માં પૂર્વ, વર્તમાન કર્મચારીઓ, લેખકો, કલાકારો અને શ્રોતાઓનાં લેખો પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે. જેમાં ૨૪ જેટલા લેકો પીરસવામાં આવ્યા છે. યાદોના ઝરૂખેથી મીનાક્ષી દેસાઇ લખે છે તો રણજિત ભટ્ટ માતૃરૂપેણ સંસ્થિતા કહી બિરદાવે છે. આકાશવાણી રાજકોટના સુવર્ણયુગની વાત શાંતિલાલ રાણિંગા એ આલેખી છે. તો વળી ધ્વનિ માધ્યમના બે સિરતાજ ગિજુભાઇ અને હેમુભાઇને સંભારે છે. હરમુખ રાવળ, મૃદુલા સી.દોશી અને વસુબેન ભટ્ટે સંસ્મરણોને વાગોળ્યા છે. તો બાળકોનાં કાર્યક્રમમાં કાર્યરત રહેતાં રેણુ યાજ્ઞિક નાની બહેન નમસ્તે... કહી પોતાની વાત રજૂ કરે છે. નૌતમ સોલંકી તો કહે છે કે એ બધું સ્મૃતિ બની ગયું, પણ સવિતા પટ્ટણી સોરઠી સંસ્કારનાં મોતી આપણને શોધી આપતાં હોય તેમ લાગે છે. થઇ ગયું ઝાલર ટાણું, આર.એસ. દુધરેજિયા, સોનેરી યાદનાં અમૂલાં સપનાં, દેવેન શાહ, સ્વપ્ન થયું સત્ય, મહેન્દ્ર વ્યાસ, હવેલી સંગીતનો ખજાનો, ડો. હસુ યાજ્ઞિક, નભોવાણી સાથે નાતો, ભૂપતરાય ઠાકર અને પ્રસારણના ગગનમાં સૂર્યકાંત દવેનાં લેખો પણ મહત્ત્વપૂર્ણ ગણી શકાય તેવા છે.

'કથા આકાશવાણી રાજકોટની' ના લેખક સૂર્યકાન્ત સી. દવે.નો જન્મ તા.૧૦-૦૮-૧૯૪૯માં કલકત્તા ખાતે થયો હતો. બી.કોમ. થઇ જર્નાલિઝમ કોર્ષ કર્યા પછી તેમણે પત્રકાર તરીકેની કારકિર્દીની શરૂઆત કરી 'અથતી ઇતિ' સામયિકના સંપાદન અને અનુભાવન તંત્રી તરીકે ખ્યાતી મેળવવાની સાથે સાથે પ્રાણયાત્રા (ચિંતન), એષણા, લીલાં સમણા સૂકાં પર્ણ (નાટકો), ભૂપત વડોદરિયા વ્યક્તિત્વ અને વાડ્મય (સંપાદન), તેમજ અવસર જેવાં ખુબ સારાં પ્રકાશનો કર્યા છે. તેમનું આ પુસ્તક આકાશવાણીના માટે ઐતિહાસિક હકીકતો પૂરૂં પાડતું એક દસ્તાવેજી નજરાણું બની રહ્યું છે. વળી અનેક લેખકો દ્વારા જે રીતે આલેખન થયું છે તેના કારણે તેનું મૂલ્ય વધી જાય છે. સૂર્યકાન્ત ભાઇ ને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

**'કથા આકાશવાણી રાજકોટની' (ઇ.સ. ૧૯૫૫ - ૨૦૧૨)**
**લેખન - સંપાદન - પરિકલ્પના - સૂર્યકાન્ત સી. દવે.**
**પ્રકાશક - પોતે**
**'દવેઘર', કલબ રોડ, પો. ધ્રાંગધ્રા - ૩૬૩૩૧૦**
**કિંમત - રૂા. ૧૬૦/-, પૃષ્ઠ - ૧૪૪**